# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 15/12/2025** **Morning : 7.10 to 7.20**

**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રિધ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

1. **SIR ઝુંબેશમાં 5.08 કરોડ ફોર્મમાંથી ગેરહાજર , સ્થળાંતરિત અને મૃત્યુ પામનારની યાદીમાં ધ્યાને આવેલી 10.69 લાખ વિસંગતતાઓની ચકાસણી પૂર્ણતાને આરે.**
2. **નાગરિકોની સુવિધા વધારવા માટે રાજયના અમરેલી , સુરત અને પાટણમાં વિવિધ વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરાયું.**
3. **અંબાજીના પાડલિયામાં પોલીસ, વન કર્મી પર થયેલા હુમલાના કેસમાં ટોળાં સામે રાયોટિંગનો ગુનો નોંધાયો.**
4. **રાજ્યમાં ઠંડીનો ચમકારો યથાવત્ , 11 શહેરમાં સરેરાશ લઘુતમ તાપમાનનો પારો 15 ડિગ્રીથી નીચે.**
5. **ધર્મશાલામાં રમાયેલી દક્ષિણ આફ્રિકા સામેની ત્રીજી ટી-20માં ભારતનો સાત વિકેટે વિજય થતાં શ્રેણીમાં સરસાઇ મેળવી.**
6. **રાજકોટ ખાતે રમાયેલી પોલીસ હોકી ચેમ્પિયનશીપની ફાઇનલમાં પુરુષોમાં I.T.B.P. તેમજ મહિલાઓમાં C.R.P.F. ટીમ રનર્સ અપ રહી.**

---

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# SIR

**SIR** ઝુંબેશના ગણતરીના તબક્કામાં રાજ્યમાં અસરકારક અને ઝડપી કામગીરી થઇ રહી છે. **5.08** કરોડ ફોર્મ પૈકી ગેરહાજર , સ્થળાંતરિત અને મૃત્યુ પામનારની યાદીમાં ધ્યાને આવેલી **10.69** લાખ વિસંગતતાઓની ચકાસણી પૂર્ણતાને આરે છે.

અત્યાર સુધીમાં મળેલી માહિતી અનુસાર **33** પૈકી **18** જિલ્લાઓની **ASD** યાદીમાં શૂન્ય વિસંગતતાઓ છે..જ્યારે અન્ય **15** જિલ્લાઓમાં મળી માત્ર **400** વિસંગતતાઓના કિસ્સામાં ખરાઈની પ્રક્રિયા પ્રગતિમાં છે.

આમ, આ મતદાર યાદીની શુદ્ધતા અને સર્વસમાવેશીતાના ધ્યેય સાથે અમલમાં મુકાયેલી ખાસ સઘન સુધારણા ઝુંબેશના ગણતરીના તબક્કામાં રાજ્યનુ નોંધપાત્ર પ્રદર્શન જોવા મળી રહ્યું છે.

---

# PORBANDAR KHEL MAHOTSAV

શ્રમ અને રોજગાર તથા યુવા બાબતો અને રમતગમત વિભાગના કેન્દ્રીય મંત્રી તેમજ પોરબંદર જિલ્લાના સાંસદ ડૉ. મનસુખ માંડવિયાએ પોરબંદર ખાતે સરદાર પટેલ સ્પોર્ટ્સમાં સાંસદ ખેલ મહોત્સવ-૨૦૨૫નો પ્રારંભ કરાવ્યો હતો.

કેન્દ્રીય મંત્રીએ આગામી પાંચ વર્ષમાં પોરબંદર લોકસભા વિસ્તારમાં **100** યુવાનો રમતગમત ક્ષેત્રે રાજ્ય અને દેશમાં રાષ્ટ્રીય સ્તરે તૈયાર થાય તેનું પણ વિઝન રાખવામાં આવ્યું છે કેન્દ્રીય મંત્રી જણાવ્યું હતું કે જે રમશે તે ખિલશે.

---

# SURAT AADIWASI BHAVAN

સુરતના નવા ભટાર ખાતે નવનિર્મિત આદિવાસી સમાજ ભવનને રમત-ગમત રાજ્યમંત્રી ડૉ.જયરામ ગામીતે ખુલ્લું મૂક્યું હતું. આ આદિવાસી સમાજ ભવનમાં સારવાર માટે સુરત આવતા દર્દીઓ અને તેમના પરિવારજનો તેમજ વિદ્યાર્થીઓ અને પરીક્ષા આપનાર યુવાનો નિવાસ કરી શકશે.

આ કાર્યક્રમમાં મંત્રીશ્રીએ આગામી 25 થી 27 ડિસેમ્બર દરમિયાન વસરાઈ ખાતે યોજાનાર ઉદ્યોગ , પ્રવાસન અને સ્વદેશી ઉત્પાદનોને પ્રોત્સાહન માટેના ટ્રાઈબલ ટ્રેડ ફેરમાં ઉપસ્થિત રહેવા આહ્વાન કર્યું હતું. આ સંદર્ભે ગ્રામીણ વિસ્તારમાં સ્વદેશી વસ્તુઓના ઉત્પાદન અને માર્કેટિંગ દ્વારા આદિવાસી સમાજને આત્મનિર્ભર બનાવવા સરકાર સતત પ્રયત્નશીલ હોવાનું તેમણે જણાવ્યું હતું.

---

# AMRELI LOKARPAN

અમરેલીના નાના ગોખરવાળા મુકામે અંદાજે 20 લાખ રૂપિયાના ખર્ચે નવનિર્મિત થનાર ગ્રામ સચિવાલયના નવા મકાનની કામગીરીનું રાજ્યના ઉર્જા, કાયદો અને ન્યાય, વૈધાનિક અને સંસદીય બાબતોના રાજ્યમંત્રી કૌશિક વેકરીયાના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

રાજ્યમંત્રીએ ગ્રામજનોને સંબોધન કરતા જણાવ્યું કે, હવે અમરેલી જિલ્લામાં વિકાસકામો ઝડપી ગતિએ આગળ ધપી રહ્યા છે. ખેડૂતોને વીજ સંબંધિત સમસ્યાઓ હવે ત્વરિત ઉકેલવામાં આવશે.

તો બીજી તરફ પાટણના વાઘપૂરા ગામે 119 લાખના ખર્ચે તૈયાર થયેલ પ્રાથમિક શાળાના મકાનનું મંત્રી સ્વરૂપજી ઠાકોરે ઉદઘાટન કર્યું હતું.

લોકાર્પણ પ્રસંગે મંત્રીએ જણાવ્યું કે, “શિક્ષણ એ સમાજ અને રાષ્ટ્રના સર્વાંગી વિકાસનું મૂળ છે. ખાસ કરીને દિકરીઓનું શિક્ષણ સુનિશ્ચિત કરવું અતિ આવશ્યક છે. દિકરી ભણશે તો પરિવાર, સમાજ અને દેશ આગળ વધશે.”

---

## AMBJI RAIOTING

બનાસકાંઠા જિલ્લાના અંબાજી ઉત્તર રેંજના પાડલીયા જંગલ વિસ્તારમાં આવેલ બાલારામ- અંબાજી વન્યજીવ અભ્યારણમાં વનવિભાગના સ્થાનિક સ્ટાફ દ્વારા નર્સરી તથા વૃક્ષારોપણની કામગીરી અટકાવીને ટોળાના આગેવાનોએ લોકોને ઉશ્કેરીને વનવિભાગ, પોલીસ તથા રેવન્યુના અધિકારીઓ અને કર્મચારીઓ પર અચાનક પથ્થરમારો, તીર-કામઠા, તલવાર અને કુહાડી વડે હુમલો કર્યો હતો તેમજ બહાર નીકળવાના રસ્તાઓ પર ઝાડ કાપી અને પથ્થરો નાખી અવરોધ સર્જવાના પ્રયત્નો કરાયા હતા. પરિણામે વનવિભાગ, પોલીસ તથા રેવન્યુના અનેક અધિકારીઓ અને કર્મચારીઓ ગંભીર રીતે ઘાયલ થયા છે. આ મામલે પાંચસો કરતાં વધુ લોકોના ટોળાં સામે રાયોટિંગનો ગુનો નોંધવામાં આવ્યો હોવાનું જિલ્લો પોલીસ વડા પ્રશાંત શુમ્બેએ જણાવ્યું હતું.

## BYTE: PRASHANT SHUMBE, SP BANASKANTHA

આ મામલે બનાસકાંઠા જિલ્લા કલેક્ટર મિહીર પટેલે આદિવાસી ભાઈ-બહેનોને શાંતિ અને સંયમ જાળવવા અપીલ કરી હતી.

---

# GOVERNOR MEET AANAND FARMER

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ આણંદના પલોલ ગામના ખેડૂતો , પશુપાલકોની મુલાકાત લઈ સ્વચ્છતા,પશુપાલન અને પ્રાકૃતિક ખેતી પર ચર્ચા કરી હતી.

રાજ્યપાલે પલોલ ગામમાં દેશી ગાયને દોહી ભારતીય સંસ્કૃતિમાં ગાયના મહત્વને ઉજાગર કર્યું હતુ. આ સાથે જ રાજ્યપાલે પલોલ ગામના નટુભાઈ રોહિતના ઘરે રાત્રિ ભોજન લીધું હતું અને પરિવારના બાળકોને ભણી ગણીને ઉજ્જવળ ભવિષ્ય બનાવવા પ્રેરણા આપી હતી.

રાજ્યપાલે આતિથ્ય સત્કાર બદલ પરિવારનો આભાર માન્યો હતો.

---

# JUNAGADH - CYBER

જુનાગઢ સાયબર ગુના શાખાએ સાયબર છેતરપિંડી સાથે જોડાયેલા 8 આરોપીની ધરપકડ કરી છે. આરોપીઓ પોતાના બેન્ક ખાતા દ્વારા અન્ય લોકોને ભાડે આપી સાયબર ગુનાહિત પ્રવૃતિ કરતાં હોવાનું સામે આવ્યું છે.

આ અંગે વધુ સાયબર ક્રાઇમ PI સી.વી.નાયકે વધુ માહિતી આપી.

## બાઇટ : સી.વી.નાયક, PI

---

# COLD

રાજ્યમાં ઠંડીનો ચમકારો યથાવત રહેતા 11 શહેરમાં સરેરાશ લઘુતમ તાપમાનનો પારો 15 ડિગ્રીથી નીચે નોંધાયો હતો. હવામાન વિભાગની આગાહી અનુસાર આગામી 3 દિવસ તાપમાન 3 ડિગ્રી જેટલું વધતા ઠંડીમાં સામાન્ય ઘટાડો થઈ શકે છે.

ગત રાત્રિના 10.9 ડિગ્રી સાથે દાહોદમાં સૌથી નીચું તાપમાન નોંધાયું હતું. અમરેલી, નલિયા, વડોદરા, રાજકોટમાં પણ સરેરાશ લઘુતમ તાપમાનનો પારો 13 ડિગ્રીથી નીચે નોંધાયો હતો. તો અમદાવાદમાં 14.9 ડિગ્રી સાથે સરેરાશ લઘુતમ તાપમાનમાં સામાન્ય કરતાં 1.7 ડિગ્રીનો વધારો થયો હતો.

---

# IND - SA T20 CRICKET

ભારતે પાંચ મેચની **T20** શ્રેણીની ત્રીજી મેચમાં ગઇકાલે દક્ષિણ આફ્રિકાને સાત વિકેટથી હરાવ્યું.

ધર્મશાલાના હિમાચલ પ્રદેશ ક્રિકેટ એસોસિએશન સ્ટેડિયમ ખાતે રમાયેલી આ મેચમાં દક્ષિણ આફ્રિકાના **118** રનના લક્ષ્યાંકના જવાબમાં, ભારતે **15** ઓવર અને પાંચ બોલમાં ત્રણ વિકેટ ગુમાવીને **120** રન બનાવ્યા. અભિષેક શર્માએ સૌથી વધુ **35** રન બનાવ્યા, જ્યારે તિલક વર્મા **25** રન બનાવી અણનમ રહ્યા.

આ પહેલા, ભારતે ટોસ જીતી બોલિંગ કરવાનો નિર્ણય લીધો. પ્રથમ બેટિંગ કરતા, દક્ષિણ આફ્રિકાએ નિર્ધારિત વીસ ઓવરમાં તમામ વિકેટ ગુમાવીને **117** રન બનાવ્યા. કેપ્ટન એડેન માર્કરામે સૌથી વધુ **61** રન બનાવ્યા. ભારત માટે અર્શદીપ

સિંહ, હર્ષિત રાણા, વરુણ ચક્રવર્તી અને કુલદીપ યાદવે બે-બે વિકેટ લીધી. આ જીત સાથે, ભારતે પાંચ મેચની શ્રેણીમાં બે-એકની સરસાઈ મેળવી લીધી છે.

શ્રેણીની ચોથી મેચ બુધવારે લખનૌમાં રમાશે. અંતિમ મેચ શુક્રવારે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાશે.

---

## RAJKOT POLICE HOCKEY

રાજકોટ ખાતે આયોજિત 74મી ઓલ ઇન્ડિયા હોકી ચેમ્પિયનશિપ – 2025-26નું ગઇકાલે સમાપન થયું હતું.. ચેમ્પિયનશિપની ફાઇનલમાં પુરુષોમાં I.T.B.P. તેમજ મહિલાઓમાં C.R.P.F. ટીમ રનર્સ અપ રહી હતી.

કાર્યક્રમના મુખ્ય અતિથિ ડાયરેક્ટર જનરલ ઓફ પોલીસ વિકાસ સહાયના હસ્તે વિજેતા ટીમો તેમજ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર ખેલાડીઓનું શિલ્ડ, મેડલ્સ તેમજ મોમેન્ટો આપીને સન્માન કરાયું હતું.

ભારતીય ટીમમાં અર્જુન એવોર્ડ પુરસ્કૃત ઓલિમ્પિયન ખેલાડીઓ પંજાબના ધર્મવીરસિંહ, આકાશદીપસિંહ, સમશેર સિંગનુ વિશેષ સન્માન કરાયું હતું.

ગુજરાત પોલીસ અને ગુજરાત સરકારના આયોજનથી રાજકોટ ખાતે ટુર્નામેન્ટમાં 11 દિવસ દરમિયાન 19 રાજ્યો અને પાંચ કેન્દ્રીય સુરક્ષા દળોના લગભગ 600 જેટલા ખેલાડીઓએ ભાગ લીધો હતો. 32 ટીમો વચ્ચે અલગ અલગ 54 જેટલી મેચો રમાઈ હતી.

---

## WEST ZONE INTER UNIVERSITY WOMEN'S VOLLEYBALL PATAN

પાટણ યુનિવર્સિટીના યજમાન પદે યોજાયેલ પશ્ચિમ ઝોનની મહિલા વોલીબોલ સ્પર્ધાનું સમાપન થયું. નોકઆઉટ પધ્ધતિથી યોજાયેલ આ મહિલા વોલીબોલ સ્પર્ધામાં પંડિત દિનદયાલ યુનિવર્સિટીએ સુવર્ણ પદક જીત્યો છે. જ્યારે સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીએ રજત પદક , ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીએ કાંસ્ય પદક મેળવ્યો છે.

આ પશ્ચિમ ઝોન મહિલા વોલીબોલ સ્પર્ધામાં ગુજરાત , રાજસ્થાન, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને ગોવાની **90** ટીમો નોધાઇ હતી જેમાંથી **70** ટીમોની **825** જેટલી ખેલાડી બહેનો અને **138** જેટલા કોચ મેનેજર એ જુદી જુદી યુનિવર્સિટીઓનું પ્રતિનિધિત્વ કર્યું હતું.

આ સ્પર્ધાએ મહિલા સશક્તિકરણ , ટીમવર્ક, શિસ્ત અને રમતગમતની ઉત્તમ પરંપરાને ઉજાગર કરી છે.

---